

દેડકો એક હીરો છે

મેક્સ

દેડકો એક હીરો છે

મેક્સ





આકાશમાં કાળા વાદળો ભેગા
થઈ રહ્યા હતા. સૂર્ય વાદળોની
પાછળ અદ્રશ્ય થઈ ગયો.




"વરસાદ શરૂ થઈ રહ્યો છે," દેડકાએ
ખુશીથી વિચાર્યું. પહેલા ટીપાં તેની
ખુલ્લી ત્વચા પર પડી રહ્યા હતા.
દેડકાને વરસાદ ખૂબ ગમતો હતો.




ધોધમાર વરસાદ પડતા તે આનંદથી
નાચવા લાગ્યો. "વરસાદ પડી રહ્યો છે,
વરસાદ પડી રહ્યો છે. મારુ ટૂંકું પેન્ટ ભીનું
થઈ ગયું છે!" તેણે મોટેથી ગાયું.



આકાશ વધુ ને વધુ ઘેરું થતું ગયું.
મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો.
આ એક દેડકા માટે પણ ખૂબ જ
વધારે હતું. તે પાણીથી તરબોળ
થઈને ઘરે દોડી ગયો.



દેડકાએ પોતાના માટે એક સરસ ગરમ ચા
બનાવી. વરસાદના ટીપાં બારી સામે ટપકતા
હતા, ઝૂંપડી અંદરથી હૂંફાળી હતી.
ત્રણ દિવસના વરસાદ પછી, દેડકાને બેચેની
થવા લાગી. તેને આશ્ચર્ય થયું કે બતક, ડુક્કર
અને સસલું કેવા હશે. વરસાદ શરૂ થયો ત્યારથી
તેણે તેમને જોયા નહોતા.





પાંચમા દિવસે, નદીમાં પાણી વધવા લાગ્યું. થોડા સમય પછી દેડકાના ઘરમાં પાણી ફરી વળ્યું. પહેલા તો દેડકાને આ મજાક લાગી પણ પછી તેને ચિંતા થવા લાગી.

તે ઉતાવળે બતકના ઘરે ગયો. ત્યાં પણ પાણી ભરાઈ ગયું હતું. "આટલું બધું પાણી ક્યાંથી આવે છે?" બતકે ઉદાસ થઈને પૂછ્યું.
"નદીમાં બે કાંઠે પૂર આવ્યું છે," દેડકાએ બૂમ પાડી. "ચાલો, ડુક્કરના ઘરે જઈએ."




સાથે મળીને તેઓ પાણીથી ભરાયેલા વિસ્તારમાંથી પસાર થયા.


ડુક્કર છાપરા નીચેના માળિયાની બારીમાંથી બહાર ઝૂકી રહ્યું હતું.
"મારા બધા કપડાં ભીના થઈ ગયા છે," તે રડયું.



એ સાચું હતું. રૂમમાં ટેબલ અને ખુરશીઓ
તરતી હતી. બધું જ અવ્યવસ્થિત હતું.
તેઓ ત્યાં રહી શક્યા નહીં.
"ચાલો, સસલા પાસે જઇયે." દેડકાએ
સૂચન કર્યું.




સસલાનું ઘર પાણીની વચ્ચે એક ટાપુ પર
હતું. સસલું દરવાજા પર ઊભું રહ્યું અને તેનો
હાથ લહેરાવ્યો.
"અંદર આવો," તેણે બૂમ પાડી. "અહીં સૂકું
છે."



અંદર ગરમી હતી. આભારવશ રીતે, તેઓએ ચૂલાની સામે પોતાને સૂકવ્યા અને સસલાને કહ્યું કે તેમના ઘરો કેવી રીતે પૂરમાં ડૂબી ગયા હતા.
"તમારે બધાએ અહીં જ રહેવું જોઈએ," સસલાએ કહ્યું.
"અહીં પુષ્કળ જગ્યા છે અને મારી પાસે પુષ્કળ ખોરાક છે."


તેથી તેઓ બધા સસલાએ મોટા વાસણમાં બનાવેલા સ્ટયૂ સામે બેઠા. તેઓ ખૂબ ભૂખ્યા હતા અને તેમણે બધું જ ખાઈ લીધું. પછી તેઓ એક આરામદાયક સાંજનો આનંદ માણવા બેઠા, જ્યાં વરસાદ હજુ પણ બારીના કાચ પર ટપટપ કરી રહ્યો હતો.






તેઓ દિવસો સુધી સસલાના મહેમાન તરીકે રહ્યા. તેઓ સાથે ખુશ હતા, જ્યારે બહાર વરસાદ વરસતો હતો.

પછી, એક દિવસ, તેમને ખબર પડી કે ઘરમાં ખાવાનું ખૂટી ગયું હતું અને તેઓ તેમના છેલ્લા પાઉં સુધી પહોંચી ગયા હતા.
"આપણી પાસે હવે કોઈ ખોરાક બચ્યો નથી," સસલાએ ગંભીરતાથી જાહેર કર્યું.
"જો આપણને મદદ નહીં મળે તો મરી જઈશું," બતકે કહ્યું.
"હું ક્યારેય મરવા માંગતો નથી," દેડકાએ કહ્યું, "ક્યારેય નહીં."



બીજા દિવસે ફક્ત પાઉંનો છેલ્લો ટુકડો જ બચ્યો હતો. બધા ખૂબ ભૂખ્યા હતા, પણ તેમને ખબર ન હતી કે શું કરવું. બહાર વરસાદ બંધ થઈ ગયો હતો પણ પાણી હજુ પણ ખૂબ જ વધારે હતું.



"મને ખબર છે!" દેડકાએ અચાનક બૂમ પાડી. "હું તરીને તે ટેકરીઓ પર જઈશ અને મદદ મેળવીશ."
સસલું ચિંતિત દેખાતું હતું. "પ્રવાહ ખૂબ જ જોરદાર છે અને રસ્તો ખૂબ લાંબો છે," તેણે કહ્યું. "તે ખૂબ જોખમી છે."
"પણ હું તે સંભાળી શકું છું," દેડકો ઉત્સાહથી બોલી ઉઠ્યો. "હું આપણા બધામાં સૌથી સારો તરવૈયો છું." તેઓ જાણતા હતા કે આ સાચું છે.




તેથી દેડકાએ હિંમતભેર પાણીમાં પગ
મૂક્યો. તેના મિત્રો ગભરાઈને જોતા રહ્યા.
થોડી વારમાં, તે દૂર ગાયબ થઈ ગયો.

પાણી બરફથી પણ વધારે ઠંડું હતું, પણ
દેડકાએ તેના વિશે વિચાર્યું નહીં. તેને ભૂખ્યા
બતક, સસલા અને ડુક્કરનો વિચાર આવ્યો.



દેડકો જેટલો આગળ તરતો ગયો, પ્રવાહ
તેટલો જ વેગીલો થતો ગયો. દેડકો થાકી
ગયો. તેની કોઈ પ્રગતિ થતી નહોતી.
અચાનક પ્રવાહ તેને દૂર લઈ ગયો.



દેડકો ડૂબવા લાગ્યો.
"હું તો ફક્ત એક દેડકો છું જે હવે તરી શકતો
નથી," દેડકાએ વિચાર્યું.
"હું ડૂબી જઈશ. હું મરી જઈશ અને મારા
મિત્રોને ફરી ક્યારેય જોઈ શકીશ નહીં."



પછી એક પરિચિત અવાજ આવ્યો, "હેલો! અરે, આ કોણ છે?" બે મજબૂત હાથોએ દેડકાને પાણીમાંથી બહાર કાઢ્યો અને હોડીમાં બેસાડી દીધો. તે ઉંદર હતો. દેડકાએ ઉંદરને વરસાદ, પૂર અને ભૂખ વિશે અને તે કેવી રીતે મદદ મેળવવા નીકળ્યો હતો તે વિશે બધું કહ્યું.




"તું જરાય ચિંતા કર નહીં," ઉંદરે કહ્યું. "મારી હોડી મારી મુસાફરી માટે જરૂરી વસ્તુઓથી ભરેલી છે. અહીં બધા માટે પુષ્કળ ખોરાક છે." અને તેણે સસલાના ઘર તરફ વહાણ ચલાવ્યું, જ્યાં ત્રણેય મિત્રો મદદ આવવાની રાહ જોઈ રહ્યા હતા.



ડુક્કર, બતક અને સસલું દેડકાને
હોડીમાં પાછો ફરતો જોઈને ખુશ થઈ
ગયા. પણ તેની સાથે કોણ હતું?

અલબત્ત, તે તેમનો સારો મિત્ર
ઉંદર હતો. તેમને પોતાની
આંખો પર વિશ્વાસ જ ન
આવ્યો.



અને ઉંદર પાસે ઘણો બધો ખોરાક હતો - પાઉં, મધ, જામ, મગફળીનું માખણ, શાકભાજી, બટાકા અને બીજું ઘણું બધું.



"ઉંદર, તેં અમને બચાવ્યા," સસલાએ કહ્યું.
"ના," ઉંદરે કહ્યું, "તે માટે દેડકાનો તમારે આભાર માનવો જોઈએ. તે દેડકો હતો જે આ ભયાનક પૂરમાં તરીને પોતાનો જીવ જોખમમાં મૂકીને મારા સુધી પહોંચ્યો હતો."
બધાએ દેડકા તરફ જોયું. તે ગર્વથી ચમકી રહ્યો હતો. વાત સાવ સાચી ન હતી, પણ છતાં...





ત્યારથી પરિસ્થિતિ સુધરતી ગઈ.
મિત્રોએ તેમના બચાવની ઉજવણી કરી,
અને દેડકો હીરો બન્યો.
સૂર્ય ફરી ચમકી રહ્યો હતો અને પાણી
નીચે ઉતરવા લાગ્યું હતું.

થોડા દિવસ પછી પાણી ઓસરી ગયું. દેડકો,
બતક અને ડુક્કર પોતાના ઘરે પાછા ફરી
શક્યા.



પણ બધું ગંદુ અને કાદવવાળું હતું.
"કોઈ વાંધો નહીં," ઉંદરે કહ્યું અને તેની મદદથી,
તેઓએ પહેલાની જેમ બધું સાફ કરી દીધું.
પરંતુ પરિસ્થિતિ પહેલા જેવી નહોતી. તેમાંથી
કોઈ પણ ક્યારેય તે ભયંકર પૂરને ભૂલી શક્યા
નહીં.

સમાપ્ત



જ્યારે વરસાદ પડે છે અને નદીમાં પૂર આવે છે, ત્યારે દેડકો અને તેના મિત્રો ફસાઈ જાય છે. જ્યારે દેડકો પોતાના મિત્રોને મદદ કરવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે ત્યારે તે હીરો બને છે.

મેક્સ એક પુરસ્કાર વિજેતા કલાકાર છે, જેમના પુસ્તકો મહત્વપૂર્ણ વિષયોને સૌમ્ય રમૂજ સાથે રજૂ કરે છે.